# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2025 JUNE | NO: 04


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

ગીતશાસ્ત્ર ૭:૧-૬

૧. યહોવા મારું અજવાળું તથા મારું તારણ છે; હું કોનાથી બીઉં? યહોવા મારા જીવનનું સામર્થ્ય છે; મને કોનું ભય લાગે?

૨. જ્યારે કુકર્મીઓ, એટલે મારા વેરીઓ તથા શત્રુઓ મને ઠાર કરવાને ચઢી આવ્યા, ત્યારે તેઓ ઠેસ ખાઈને પડી ગયા.

૩. જો કે સૈન્ય મારી વિરુદ્ધ છાવણી નાખે, તોપણ હું મનમાં ડરીશ નહિ; જો કે મારી વિરુદ્ધ યુદ્ધ ઊઠે, તો પણ હું દેવપર ભરોસો રાખીશ.

૪. યહોવા પાસે મેં એક વરદાન માગ્યું છે કે, યહોવાનું મંદિર મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત મારું નિવાસસ્થાન થાય, જેથી તેના સૌંદર્યનું અવલોકન ક્યાં કરું, અને તેના પવિત્રસ્થાનમાં તેનું ધ્યાન ધરું.

૫. કેમ કે સંકટને સમયે તે પોતાના માંડવામાં મને ગુપ્ત રાખશે; પોતાના મંડપને આશ્રયે તે મને સંતાડશે; તે મને ખડક ઉપર ચઢાવશે.

૬. હવે મારી આસપાસના શત્રુઓ ઉપર મારું માથું ઊંચું કરવામાં આવશે; અને હું તેના મંડપમાં હર્ષનાદનાં અર્પણ ચઢાવીશ; હું ગાઈશ, હા, હું યહોવાનાં સ્તોત્ર ગાઈશ.

## શું તમે તમારા બાળકોને માટે વારસો છોડી રહ્યા છો? - બહેન એન્જલ

## ARE YOU LEAVING A LEGACY TO YOUR CHILDREN?



આપણા સર્વ વહાલા **ઈકો ઓફ હીજ કોલ**ના પરીવારના સભ્યોને આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તના નામમાં શુભેચ્છાઓ!

તે માનવું મુશ્કેલ છે કે આપણે અત્યાર સુધીમાં ૨૦૨૫ના છ મહિનાઓ પૂર્ણ કરી લીધા છે. તે એવું લાગે છે કે વર્ષ હમણાં જ શરૂ થઈ ગયું છે, અને તેમ છતાં આપણે પહેલેથી જ તેના બીજા ભાગમાં પ્રવેશ કરી રહ્યા છીએ. આ હબાક્કુક કલમ ૩:૨ને મનમાં લાવે છે: **"...આ ચાલ્યાં જતાં વર્ષોમાં તારા કામનું પુનર્જીવન કર."** હું પ્રાર્થના કરું છું કે પ્રભુ તમને, તમારા કુટુંબને, તમારા સેવાકાર્યને અને તમારા વેપારને, વ્યવસાયને અથવા અભ્યાસને વર્ષના આ બીજા ભાગમાં તેમની દૈવી કૃપા અને દયા સાથે પુનર્જીવિત કરશે.

લૂક અધ્યાય ૧૫ એ શાસ્ત્રનો સારી પેઠે જાણીતો ફકરો છે. પાછલા મહિનામાં, મેં ખોવાયેલા ઘેટાંના દ્રષ્ટાંત વિશે લખ્યું હતું - ઘેટાંપાળક એક ઘેટાંને શોધવા માટે નવ્વાણું ઘેટાંને પાછળ છોડી દે છે. આખા અધ્યાયનો સારાંશ ૯૯:૯:૧ તરીકે આપી શકાય - ૯૯ ઘેટાં કે જે પાછળ રહી ગયા હતા, તે ૯ સિક્કા જે ખોવાઈ ગયા ન હતા, અને ૧ પુત્ર જેણે તેના પિતાના ઘરને છોડી દીધું હતું, તેના પિતાના પ્રેમને સમજવામાં નિષ્ફળ ગયો હતો.

(અનુસંધાન પાન ૩ પર)




ઈકો ઓફ હીજ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે

* Please Subscribe and Share *

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*



REACHING NATIONS



### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.

**"અમારી સહાય તો આકાશ તથા પૃથ્વીના સરજનહાર યહોવાના નામમાં છે." – ગીતશાસ્ત્ર ૧૨૪:૮**

ખ્રિસ્તમાં પ્રિય વહાલાઓ!

આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન નામમાં તમ સર્વ પર કૃપા, શાંતિ અને સર્વ ભલાઈ આવો!!

આપણે એક સારા અને વિશ્વાસુ ઈશ્વરની સેવા કરીએ છીએ, અને આપણે તે માર્ગને માટે હમેશાં આભારી છીએ કે જેના પર તેઓ આપણને દોરી રહ્યા છે. અમે અમારા સમર્પિત સહકાર્યકરો અને ભાગીદારો, જેઓ પડકાર અને મુશ્કેલીના સમયોમાં વિશ્વાસપૂર્વક અમારી સાથે મુસાફરી કરી રહ્યા છે, તેઓને માટે ઈશ્વરનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ અને તેમની સ્તુતિ કરીએ છીએ. તમારી સતત પ્રાર્થનાઓની અમે ઘણી જ કદર કરીએ છીએ.



***સંથોષપુરમમાં વેકેશન બાઈબલ સ્કૂલ***

એપ્રિલ અને મે મહિના દરમિયાન વિવિધ સ્થળોએ બાળકો માટે આયોજિત કરવામાં આવેલ **વેકેશન બાઈબલ સ્કૂલ** દરમિયાન ભરપૂર આશીર્વાદો માટે અમે ઈશ્વરનો આભાર માનીએ છીએ. આ યોજનાને એક મોટી સફળતા બનાવવા માટેના તેમના અથાક પ્રયત્નો બદલ અમે ખ્રિસ્તમાં અમારા બધા સહકાર્યકરો, ભાઈઓ અને બહેનોના નિષ્ઠાપૂર્વક આભારી



***નહેમ્યા બાઈબલ કોલેજના ફેકલ્ટી સભ્યોની મિટિંગ***

છીએ. આવો ઈશ્વર તમારી પ્રાર્થનાઓ, અર્પણોને અને બલિદાનોને માટે સમૃદ્ધપણે બદલો આપો. કૃપા કરીને તમારા અને તમારા પરિવારો માટેની અમારી ઉત્સાહભરી પ્રાર્થનાની ખાતરી રાખજો.

૨૧ એપ્રિલ, ૨૦૨૫ના રોજ **નહેમ્યા બાઈબલ કોલેજોની** ફેકલ્ટી મીટિંગ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટેના કાર્યક્રમોની યોજનાની પ્રાર્થનામય ચર્ચા કરવા માટે

HON. EDITOR-IN-CHIEF
Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.
EX MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.
ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)
EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.
EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858
E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org
YOUTUBE CHANNEL
Echo of His Call

આયોજિત કરવામાં આવી હતી. ઈશ્વરની કૃપાથી, અમારી **નહેમ્યા બાઈબલ કોલેજો** અને **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ**, બંનેના વર્ગો શરૂ થઈ ગયા છે. અમે આચાર્યો, શૈક્ષણિક અને બિન-અધ્યાપન કર્મચારીઓ અને શૈક્ષણિક સેવાકાર્યમાં સામેલ બધા લોકો માટેની તમારી પ્રાર્થનાઓ માટે વિનંતી કરીએ છીએ.

ખ્રિસ્તના સેવાકાર્યના મિશનમાં સહકાર્યકરો તરીકે, અમે તમારી સતતની મધ્યસ્થી માટે વિનંતી કરીએ છીએ કે અમે અમારા બધા પ્રયત્નોમાં ઈશ્વરની ભરપૂર કૃપા પ્રાપ્ત કરી શકીએ.

પ્રેમ અને પ્રાર્થનાઓ સાથે,

તેમની સેવામાં,

**ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી ટીમ**

E.mail : sam@echoofhiscall.org

## તાકીદની જરૂરિયાત

**ઈકો ઓફ હીજ કોલની એક સંસ્થા,**

**સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ, વિજયનગરમ, મેદાવક્કમ, ચેન્નાઈ - ૧૦૦**

માટે શિક્ષકોની જરૂરિયાત
અમને સારી લાયકાત ધરાવતા, અનુભવી, સમર્પિત, સખત મહેનત કરનારા અને સેવાકાર્ય લક્ષી ખ્રિસ્તીઓની જરૂરિયાત છે.

*બાયોડેટા સાથે અરજી કરો*

E.mail: sam@echoofhiscall.org

WhatsApp: (+91) 98412 71858




## ખાસ તાકીદની સૂચના!

ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં **ઈકો ઓફ હીજ કોલ**ની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના **ઈકો ઓફ હીજ કોલ** પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**

10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India

Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)

જૂન મહિના દરમિયાન ભારતમાં ફાધર્સ ડેની ઉજવણી કરવામાં આવતી હોવાથી, મને લાગ્યું કે તે જ અધ્યાયમાંથી દોરાઈને પિતાના પ્રેમ પર પ્રતિબિંબિત કરવાનું ચાલુ રાખું.



*પિતાનો પ્રેમ!*

હું સમજું છું કે આ સંદેશ દરેક સાથે પડઘો પાડશે નહિ - ખાસ કરીને જેઓ પિતાની છત્રછાયા વિના ઉછર્યા હતા, અથવા જેઓના જીવનોમાં તેમના પર તેમના પિતા સકારાત્મક અસર દર્શાવવામાં નિષ્ફળ થયા હતા. જેઓ આ પરિસ્થિતિમાં છે, તેઓની હું નિષ્ઠાવાન માફી માગું છું અને હૃદયપૂર્વક દિલાસો વ્યક્ત કરું છું. હું એકલવાયી માતાઓના અતુલ્ય સામર્થ્ય અને બલિદાનને પણ સ્વીકારવા માંગું છું, જેણીઓ સાથે સાથે પિતાની ભૂમિકા ભજવીને આગળ વધતી રહે છે. તે એક અસાધારણ પડકારજનક ભૂમિકા છે, અને જો તમે તે માર્ગ પર ચાલી રહ્યા છો, તો પણ કોઈ સ્ત્રી પિતાની ભૂમિકામાં પગ ઘાલે છે - તેણીઓને સલામ કરું છું!

હું એવા લોકોનું પણ સન્માન કરવા માંગુ છું કે જેઓ હજી પણ રાહ જોતા હોય છે અને સંતાન માટે પ્રાર્થના કરે છે, જેમ કે યોહાન બાપ્તિસ્મીના પિતા ઝખાર્યા. જો તમારી પાસે હજી સુધી જૈવિક બાળકો નથી, તો પણ હું માનું છું કે ઈશ્વર તમને ઘણા આત્મિક બાળકો સાથે આશીર્વાદિત કરશે, માર્ગદર્શક બનવા અને વાગોળવા માટે. હિંમત રાખો અને નીડર બનો!

હું એક વખત શક્તિશાળી વાતનો સામનો કરવાને કારણે આ બધું તમારી સાથે વહેંચું છું. પિતાના પ્રેમ પર ઉપદેશ આપ્યા પછી, એક ઊંડી દુઃખથી ભરેલી અને ગુસ્સામાં રહેલી યુવતીએ મારો સંપર્ક કર્યો હતો.

જ્યારે તેણીના પૃથ્વી પરના પિતા સાથેના દુઃખદાયક અનુભવોને તે પિતાની




સાથે સરખાવવામાં આવ્યા હતા ત્યારે તે ઈશ્વરના પ્રેમને સમજી શકી નહોતી. મારે તેણીને પ્રેમથી આપણા સ્વર્ગીય પિતાનો ખરો સ્વભાવ સમજાવવો પડ્યો હતો - જે કોઈપણ પૃથ્વી પરના પિતાથી કેવી રીતે વિપરીત છે, અને તેમનો પ્રેમ કેવી રીતે સંપૂર્ણ છે, જે સાજાપણું આપે છે અને બિનશરતી છે. તે પછી જ તેણીએ સમજવાનું શરૂ કર્યું કે ઈશ્વરના પ્રેમનો ખરેખર અર્થ શું છે.

પિતાની ભૂમિકા તમામ સંસ્કૃતિઓમાં ગહન મહત્વ ધરાવે છે. તેમને હંમેશાં કુટુંબના વડા તરીકે માનવામાં આવે છે – તેમના ઘરને પૂરું પાડવાની વ્યવસ્થા જોવી, નિર્ણાયક નિર્ણયો લેવાની અને તેમના બાળકોના પોષણની જવાબદારી સાથે સંકળાયેલા હોય છે.

બાઈબલ વારંવાર ઈશ્વરને પિતા તરીકે કેવી રીતે રજૂ કરે છે તેનું અવલોકન કરવું તે રસપ્રદ છે. ઈસુએ પોતે આપણને આ ઘનિષ્ઠ રીતે ઈશ્વરને સંબોધન કરવાનું શીખવ્યું છે : **ઓ અમારા આકાશમાંના બાપ** માથ્થી ૬:૯. આવો આપણે શાસ્ત્રની દ્રષ્ટિએ વિશ્લેષણ કરીએ – ખાસ કરીને લૂક અધ્યાય ૧૫ પર – "પિતા" હોવાનો ખરેખર અર્થ શું થાય છે, પછી ભલે તે આત્મિક અથવા જૈવિક અર્થમાં હોય.

આ અધ્યાય એક પરિચિત દ્રષ્ટાંતનો ઉલ્લેખ કરે છે, પણ મને સંક્ષિપ્તમાં તેનો સારાંશ કહેવાની મંજૂરી આપો. વાર્તા એક શ્રીમંત પિતાથી શરૂ થાય છે જેને બે દીકરા હતા. નાનો દીકરો, તેની પોતાની ઈચ્છાઓથી ચલિત થયેલો, તે પોતાની મિલકતનો ભાગ માગે કરે છે અને દુન્યવી આનંદની શોધમાં ઘર છોડીને ચાલ્યો જાય છે. તે બધુ ગુમાવી દે છે અને આખરે પોતાની જાતને નિરાધાર હાલતમાં જુએ છે, ભૂંડો ચરાવવાનું કામ કરે છે અને ભૂંડો જે શિંગો ખાતા હતા તે ખાઈને પોતાનું પેટ ભરવાનું તેને મન થાય છે. તેની સૌથી નીચલી ક્ષણમાં, તે તેના પિતાને યાદ કરે છે – કોઈકના એક દીકરા તરીકે પાછા



*નાનો દીકરો ભૂંડો ચરાવે છે*

ફરવા માટે નહિ, પણ એક ચાકર તરીકે. તેમ છતાં, જ્યારે તે ઘરે પાછો આવે છે, ત્યારે તેના પિતા તેને દૂરથી જુએ છે, તેને સ્વીકારવા દોડે છે, તેને સરસ કપડાં પહેરાવે છે અને આભૂષણોથી શણગારે છે, અને તેના પાછા આવવા પર એક ભવ્ય ઉજવણીનું આયોજન કરે છે.

તે દરમિયાન, મોટો દીકરો – જે ઘરે રહ્યો હતો, વિશ્વાસપૂર્વક તેના પિતાની સેવા કરી રહ્યો હતો – તેને લાગે છે કે તેની ઉપેક્ષા કરવામાં આવી છે અને તે નારાજ થાય છે. તે ઉજવણીમાં જોડાવાનો નકાર કરે છે, તેના પિતાના પ્રેમની ઊંડાઈને સમજવા માટે સંઘર્ષ કરે છે. વ્યંગાત્મક રીતે, જોકે તે શારીરિક રીતે નજીક રહ્યો હતો, ભાવનાત્મક રીતે તે દૂર રહ્યો હતો. તેનાથી વિપરિત, નાનો દીકરો, તેણે બંડખોરી કરી હોવા છતાં, તેનામાં તેના પિતાના આંતરિક સ્વભાવની સમજ હતી. દૂર દેશમાં પણ, તે માનતો હતો કે તે હજી પણ પાછો ફરી શકશે – તેનો તિરસ્કાર કરવામાં આવશે નહિ, પણ તેનો સ્વીકાર કરવામાં આવશે.

## *ઈશ્વર આપણા પિતા તરીકે:*

## ૧. પ્રેમાળ પિતા!

જ્યારે આ દ્રષ્ટાંતને ઘણીવાર નાના દીકરાને કેન્દ્રિય વ્યક્તિ તરીકે દર્શાવતા જોવામાં આવે છે, આવો આપણે તેને બદલે પિતાને મુખ્ય પાત્ર તરીકે ગણીએ. તે આપણા પ્રેમાળ સ્વર્ગીય પિતાનું પ્રતિનિધિત્વ કરે છે – એક ઈશ્વર જે તેમના બાળકોને પ્રેમ કરે છે તેના આધારે નહિ કે તેઓ શું કરે છે અથવા તેઓ કોણ છે, પણ તેના આધારે કે તેઓ સંપૂર્ણપણે કોણ છે.

તેમનો પ્રેમ સતત, અવિરત અને બિનશરતી છે.

નિર્ગમન ૪:૨૨માં, ઈસ્રાએલપુત્રોને ઈશ્વરના પ્રથમજનિત તરીકે ઓળખવામાં આવ્યા છે. વારંવાર તેમની પાસેથી દૂર જતા હોવા છતાં, ઈશ્વર તેઓને બચાવવાનું ચાલુ રાખતા અને તેમના માટે એક પરાક્રમી અને ફેલાયેલા હાથથી પૂરું પાડતા રહ્યા હતા. તેમના બાળકો પ્રત્યેનો તેમનો પ્રેમ ક્યારેય ઓછો થઈ જતો નથી.

એ જ રીતે, આ દ્રષ્ટાંતની વાતમાં, પિતા તેની નિષ્ફળતા માટે તેના પુત્રને ઠપકો આપતા નથી અથવા તેની ટીકા કરતા નથી. તેને બદલે, તે ખુલ્લા હાથથી તેનું સ્વાગત કરે છે અને આનંદથી તેના પાછા આવવા પર આનંદસહિત ઉજવણી કરે છે. તે ભૂતકાળમાં રહેતો નથી પણ પુનઃજોડાણમાં આનંદ કરે છે.

આવો જ આપણા સ્વર્ગીય પિતાનો પ્રેમ છે – તે અમાપ્ય, કરુણાથી ભરપૂર અને મુક્તપણે આપવામાં આવે છે. તેઓ આપણને આપણી યોગ્યતાના આધારે નહિ, પણ તેમની કૃપા અને દયાના ભરપૂરપણાને આધારે સ્વીકારે છે.

બાઈબલ આપણને શીખવે છે કે, **"પિતાઓ, તમારાં છોકરાંને ચીડવો નહિ; પણ પ્રભુના શિક્ષણમાં તથા બોધમાં તેઓને ઉછેરો."** (એફેસીઓને પત્ર ૬:૪).



*પ્રેમાળ પિતા!*

આપણામાંના કેટલાક માને છે કે આપણે આપણા બાળકોની સાથે કડક વર્તન કરવું અથવા તેમની સાથે કઠોર શબ્દો સાથે વાત કરવી તે સ્વીકાર્ય છે. જો કે, શાસ્ત્ર આપણને યાદ અપાવે છે કે આપણા બાળકોને શિસ્તબદ્ધ કરતી વખતે પણ, આપણે સૌમ્ય અને વિચારશીલ હોવા જોઈએ, ખાતરી કરીને કે આપણે તેમને ક્રોધિત થવા માટે ઉશ્કેરતા નથી. આવો પ્રભુ આપણને તેમના હૃદયને પ્રતિબિંબિત કરનારા પિતા

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ જૂન ૨૦૨૫ થી ૧૮ જુલાઈ ૨૦૨૫ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**જૂન ૧૯ :** સમર્પિત સહ સંપાદકો જેઓ અમને **ઈકો ઓફ હીજ કોલ સામયિકને** સમયસર ૧૬ ભાષાઓમાં પ્રકાશિત કરવામાં મદદ કરે છે.

**જૂન ૨૦ :** ૧૯૬૯થી શરૂ થયેલી અમારી સામયિક મિનિસ્ટ્રી પરના તેમના વિશ્વાસુ આશીર્વાદોને માટે.

**જૂન ૨૧ :** **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજના** સર્વ સમર્થકોને માટે.

**જૂન ૨૨ :** મહાબલિપુરમમાં ૧૭મે, ૨૦૨૫ના રોજ યોજાયેલી **નહેમ્યા બાઈબલ કોલેજોના** વિદ્યાર્થીઓની રીટ્રીટ પરના ઈશ્વરના આશીર્વાદને માટે.

**જૂન ૨૩ :** અમારા શુભચિંતકોની પ્રાર્થના અને નાણાંકીય સહાયને માટે.

**જૂન ૨૪ :** અમારી નિવાસી તથા સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજ** અને **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલના** વર્ષ ૨૦૨૪-૨૫ના શૈક્ષણિક વર્ષને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે.

**જૂન ૨૫ :** ઈશ્વરની કૃપા કે જેણે અમારી મિનિસ્ટ્રીને વર્ષોથી ફળ આપવા માટે સક્ષમ બનાવ્યું છે.

**જૂન ૨૬ :** આપણા વડીલ પાળક અને તેમના પરિવારની દૈવી સુરક્ષાને માટે.

**જૂન ૨૭ :** સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ અને નહેમ્યા બાઈબલ કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં પ્રવેશોની પ્રક્રિયા પરના આશીર્વાદોને માટે.

**જૂન ૨૮ :** અમારા **બાઈબલકોર (બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ)** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમોના** આત્મિક પ્રભાવને માટે.

**જૂન ૨૯ :** અમારા **જુવાનો તથા બાળકોની કાળજી કરનાર વૈશ્વિક દર્શન મિનિસ્ટ્રીજ** પરના ઈશ્વરના હાથને તેમના માટે, ખાસ કરીને દરરોજ રાત્રે ૧૦.૦૦ વાગ્યે વિશ્વભરના જુવાનો અને બાળકો માટેની મધ્યસ્થીને માટે.

**જૂન ૩૦ :** અમારા **ઈકો ઓફ હીજ કોલના** સર્વ કર્મચારીવર્ગના સભ્યો અને તેમના પરિવારોના રક્ષણ કરવા તથા પૂરું પાડવાની વ્યવસ્થાને માટે.

**જુલાઈ ૦૧ :** અમારા મુખ્ય અને શાખા ચર્ચોમાં અમારા **વેકેશન બાઈબલ સ્કૂલ** કાર્યક્રમોના ફળદાયી પરિણામોને માટે.

**જુલાઈ ૦૨ :** અમારા **ઈકો ઓફ હીજ કોલના** ચર્ચ એચિવર્સ એવોર્ડ ફંક્શનની સફળતાને માટે.

**જુલાઈ ૦૩ :** અમારા નહેમ્યા બાઈબલ કોલેજના સર્વ વિદ્યાર્થીઓ પરની ઈશ્વરની સુરક્ષાને માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**જુલાઈ ૦૪ :** વિશ્વભરમાંના મિશનરીઓના દૈવી રક્ષણને માટે.

**જુલાઈ ૦૫ :** રાષ્ટ્રો વચ્ચે શાંતિ સ્થપાય તે માટે.

**જુલાઈ ૦૬ :** હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને કચડાયેલાઓના આર્થિક ઉત્થાનને માટે.

**જુલાઈ ૦૭ :** મિશનરીઓની સલામતી અને મજબૂતી માટે કે જેઓ દૂરના વણખેડાયેલા વિસ્તારોમાંના લોકોના જૂથો સુધી પહોંચી રહ્યા છે.

**જુલાઈ ૦૮ :** આ મહિના માટે અમારી સર્વ જરૂરિયાતો પૂરી પાડવાની ઈશ્વરની વ્યવસ્થાને માટે.

**જુલાઈ ૦૯ :** સર્વ દેશોમાં ઈશ્વરનો ડર રાખનારી આગેવાનીને માટે.

**જુલાઈ ૧૦ :** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોની સલામતી અને સારા સ્વાસ્થ્યને માટે.

**જુલાઈ ૧૧ :** ૨૦૨૫-૨૬ના શૈક્ષણિક વર્ષ માટે અમારા નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજો** અને **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** પ્રવેશ મેળવવા માટે લાયક વિદ્યાર્થીઓને માટે.

**જુલાઈ ૧૨ :** **નહેમ્યા બાઈબલ કોલેજના** નવા વિદ્યાર્થીઓ માટેના ઈશ્વરના માર્ગદર્શનને માટે, જેમના વર્ગો ૨ જૂન, ૨૦૨૫ના રોજ શરૂ થશે.

**જુલાઈ ૧૩ :** **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજને** માટે વધુ સમર્પિત મજૂરો ઉભા કરવા માટે.

**જુલાઈ ૧૪ :** વિશ્વભરના આત્મિક આગેવાનોને જ્ઞાન અને સામર્થ્ય પ્રાપ્ત થાય તે માટે.

**જુલાઈ ૧૫ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર ઈશ્વરની દયાને માટે.

**જુલાઈ ૧૬ :** આપણી બધી મિનિસ્ટ્રીયલ સભાઓ અને સંગઠનાત્મક પ્રવૃત્તિઓ પર ઈશ્વરની કૃપાને માટે.

**જુલાઈ ૧૭ :** આતંકવાદ અને હિંસાની સામે સર્વ દેશોના રક્ષણને માટે.

**જુલાઈ ૧૮ :** આપણા કાર્યાલયના કર્મચારીઓ અને છાપખાનાના કર્મચારીઓની સારી તંદુરસ્તી અને સામર્થ્યને માટે.

(પાન ૪ પરથી આગળ...)

બનવામાં સહાય કરો.

આપણા ભલા પિતા આપણે તેમની પાસે પાછા આવીએ તેની હમેશાં રાહ જોતા હોય છે. ભલે આપણે આપણા સ્વર્ગીય પિતાથી ભટકી ગયા હોઈએ, તેઓ પ્રેમથી અને ખુલ્લા હાથોથી આપણને પાછા આવકારવા માટે તૈયાર હોય છે.

## ૨. ઝંખના રાખનાર પિતા!

લૂક ૧૫:૨૦માં, આપણે વાંચીએ છીએ: **"પણ તે ઊઠીને પોતાના બાપની પાસે ગયો. અને તે હજી ઘણે વેગળે હતો એટલામાં તેના બાપે તેને દીઠો, અને તેને દયા આવી, અને દોડીને તેને ભેટ્યો, અને તેને ચૂમીઓ કરી."** આ હૃદયસ્પર્શી ક્ષણ એવા પિતાના હૃદયને છતી કરે છે જે દરરોજ રાહ જોતા હતા અને ઝંખના રાખતા હતા, એ આશામાં કે તેમનો દીકરો પાછો આવશે.

તે જ રીતે, આપણા સ્વર્ગીય પિતા આપણ દરેક સાથે પુનઃસ્થાપિત સંબંધની ઝંખના રાખે છે. આ જ તેમણે આદમ અને હવા પાસેથી ઈચ્છા રાખી હતી – એક ઊંડો, ઘનિષ્ઠ સંબંધ – અને તેઓ આજે તે આપણી પાસેથી ઈચ્છે છે – ઝંખના રાખે છે અને રાહ જુએ છે!

**"તે માટે યહોવા તમારા પર દયા કરવાની વાટ જોશે"** યશાયા ૩૦:૧૮. તેઓ દ્રષ્ટાંતમાંના પિતાની જેમ તેમની ભલાઈ, દયા તથા કૃપા રેડી દેવા માટે રાહ જોઈ રહ્યા છે.

જ્યારે આપણે તેમની પાસે પાછા ફરીએ, ત્યારે તેઓ આપણી ઉલટતપાસ કરશે નહિ અથવા આપણને શરમજનક સ્થિતિમાં મૂકશે નહિ. તેને બદલે, તેઓ આપણને તેમની બાથમાં લેશે, આલિંગન આપશે અને તેમની ભલાઈ સાથે આપણને આશીર્વાદિત કરશે. જો તમે ઈશ્વરથી દૂર છો એવું અનુભવો છો, તેમના પ્રેમથી અયોગ્ય છો, અથવા પાછા ફરવામાં અચકાઓ છો – તો આ જાણોઃ તમે માત્ર એક પગલું દૂર છો. તેઓ હવે તમારી રાહ જોઈ રહ્યા છે.

## ૩.વારસો છોડવો!



*બાળકો તેમના પિતા પાસેથી મોટી બાબત શીખે છે*

આ પિતૃત્વનું એક નિર્ણાયક અને ઘણીવાર અવગણવામાં આવતું પાસું છે. એક જૂની કહેવત, "જેવો બાપ, તેવો દીકરો," એક ગહન સત્ય ધરાવે છે. પિતાઓ ફક્ત તેમના જનીનો કે વારસો છોડતા નથી – તેઓ જૈવિક અને આત્મિક બંને લાક્ષણિકતાઓ પણ પૂરી પાડે છે. ઘણા જુવાનો માટે, તેમના પિતા તેમના પ્રથમ નાયક હોય છે. તેઓ તેમની પાસેથી મોટી વ્યવહારિક બાબતો શીખે છે – ફક્ત કેવી રીતે જીવવું તે નહિ, પણ કેવી રીતે નહિ જીવવું તે પણ.

દુર્ભાગ્યે, તે ઘણીવાર નકારાત્મક લક્ષણો હોય છે જે વધુ સરળતાથી આગળ પસાર થાય છે. છતાં, પિતા એક કાયમી વારસો છોડે છે, પછી ભલે તેમને તેનો ખ્યાલ આવે કે નહિ. તેઓ તેમના બાળકોના આત્મિક જીવનોને ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

### નિર્ગમન ૧૫:૨ માં, આપણે વાંચીએ છીએ :

**"યાહ મારું સામર્થ્ય તથા ગીત છે, ને તે મારું તારણ થયો છે; તે મારો દેવ છે, ને હું તેની સ્તુતિ કરીશ; તે મારા પિતાનો દેવ છે, ને હું તેને મોટો માનીશ."**

"મારા પિતાનો દેવ" આ વાક્યરચના પ્રતિબિંબિત કરે છે કે તે ઈશ્વરમાંનો વિશ્વાસ નાનપણમાં જ શીખી ગયો હતો – એક પિતાના પ્રભાવથી.

### પુનર્નિયમ ૩૨:૭ કહે છે :

**"પૂર્વકાળના દિવસો સંભાર, ઘણી પેઢીઓનાં વર્ષોનો વિચાર કર; તારા બાપને પૂછ, એટલે તે તને કહી બતાવશે; તારા વડીલોને પૂછ, એટલે તેઓ તને કહેશે."**

### ગીતશાસ્ત્ર ૪૪:૧ ઉમેરે છે :

**"હે દેવ, જે કૃત્યો અમારા પિતૃઓના સમયમાં, એટલે પુરાતન કાળમાં, તેં કર્યાં હતાં, તે વિષે તેઓએ અમને કહ્યું છે તે અમે અમારા કાનોએ સાંભળ્યું છે."**

(આગળ પાન ૯ પર...)

ECHO OF HIS CALL 1969-2019 REACHING NATIONS
નહેમ્યા બાઈબલ કોલેજો
લાયકાતઃ ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ
ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ
પ્રવેશ માટે ઝડપ કરશો!
ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા
માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)
માન્યતા પ્રાપ્તઃ છેલ્લા ૫૫ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા
સંપર્ક કરો : ચેરમેન – નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

The Chairman, Nehemiah Bible College,
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

**"યહોવાની સ્તુતિ કરો - જેણે આપણી દીનાવસ્થામાં આપણને સંભાર્યા, તેની સ્તુતિ કરો, કેમ કે તેની કૃપા અનંતકાળ છે."** (ગીતશાસ્ત્ર ૧૩૬:૧,૨૩).

મારા મિનિસ્ટ્રીયલ જીવનની શરૂઆતથી જ, ઈશ્વરે મને કોઈપણ હદ સુધી જવા અને કોઈપણ પડકારને સ્વીકારવા માટે, તેમના રાજ્યના વિસ્તરણ માટે, કોઈપણ તાત્કાલિક બદલાની અપેક્ષા રાખ્યા વિના, ઈશ્વરને મહિમા આપવાનું મન આપ્યું હતું. વર્ષ ૧૯૭૬ થી ૧૯૮૬ સુધી, મને મારી સરકારી ઓફિસમાંથી રજા લેવાની અને સુવાર્તા પ્રચાર માટેની મુસાફરી ગોઠવવાની અને મારા પોતાના પૈસા ખર્ચીને ભારતના વિવિધ ભાગોમાં મીની ક્રુસેડ દ્વારા સુવાર્તાનો પ્રચાર કરવાની આદત હતી.

પ્રભુએ મને મારા આત્મિક મિત્રોને મારી સાથે ઓછામાં ઓછા એક કે બે મહિના માટે વિવિધ ભાગોમાં લઈ જવા અને દૂરના ગામડાઓમાં જવા અને ઈસુ ખ્રિસ્તની સુવાર્તા દ્વારા હજારો લોકોના જીવનોને સ્પર્શવામાં મદદ કરી હતી. ઘણી વખત, મારે મારી બધી આર્થિક જરૂરિયાતો માટે ઈશ્વર પર નિર્ભર રહેવું પડ્યું હતું, કારણ કે મારે મારા અને મારા સાથીદારો માટે ટ્રેન ટિકિટ, બસ ટિકિટો ખરીદવી પડતી હતી, હોટેલમાં રહેવાની વ્યવસ્થા કરવી પડતી હતી. ઈશ્વરે ચમત્કારિક રીતે મને મદદ કરી હતી.

આ મિનિસ્ટ્રી દ્વારા, ઈશ્વરે મને ચેંગાલપુટ જિલ્લો, વિલ્લુપુરમ જિલ્લો, મદુરાઈ જિલ્લો, ત્રિચી જિલ્લો અને કન્યાકુમારી જિલ્લો, કોડાઈકેનાલ, ઉટાકામંડ, ત્રિવેન્દ્રમ, પીરમેડ, ઈડુક્કી, વાંદીપેરિયાર, વિજયવાડા, બેંગલોર, મૈસૂર વગેરેના વિવિધ દૂરના વિસ્તારોની મુલાકાત લેવામાં મદદ કરી હતી. મારી મુસાફરીઓ દરમિયાન, બસો અને ટ્રેનો દ્વારા અમારા સંગીતનાં સાધનો અને સુવાર્તાનાં ટ્રાકોના ચોપાનિયાંને એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવામાં મેં વિવિધ પ્રકારની શારીરિક કષ્ટો, વેદનાઓ અનુભવી હતી. મારી આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે, હું મિનિસ્ટ્રી માટે વાહન રાખવાનું વિચારી પણ શકતો ન હતો. પણ ઈશ્વર મારું વલણ જોતા હતા અને મારી સાક્ષીઓ સાંભળતા હતા. **"કેમ કે દેવ તમારા કામને તથા તેના નામ પ્રત્યે તમે જે પ્રીતિ દેખાડી છે, અને સંતોની જે સેવા કરી છે, અને હજુ કરો છો, તેને વીસરે એવો અન્યાયી નથી."** (હિબ્રૂઓને પત્ર ૬:૧૦).

પાછળથી મેં જોયું કે ઈશ્વરે મારા બધા સહકાર્યકરોને આશીર્વાદ આપ્યા અને તેમને ઉચ્ચ સ્તરે ઉન્નત કર્યા અને આજે પણ તેમની દ્રાક્ષાવાડીમાં તેમનો જોરદાર ઉપયોગ કરી રહ્યા છે. તેમણે મને અદ્યતન સાધનો, કાર, મોટી ગાડીઓ અને ઉત્સાહી કામદારો જેવી તમામ સુવિધાઓથી પણ આશીર્વાદ આપ્યા હતા અને મને ભારતના બચાવ પામ્યા ન હોય એવા લોકોને સુવાર્તાનો પ્રચાર કરવા વધુને વધુ સક્ષમ બનાવી રહ્યા છે. ઈશ્વરે મને સન્માન પણ આપ્યું, મને વિશ્વના વિવિધ દેશોમાં લઈ ગયા અને સારા મિત્રોની સંગતથી આશીર્વાદિત કર્યો છે.

એ જ ઈશ્વર હજુ પણ જીવંત છે. તેઓ ઈચ્છુક વ્યક્તિઓની શોધમાં છે કે જેઓ કોઈપણ તાત્કાલિક બદલો, ઉચ્ચ હોદ્દા અને ભ્રષ્ટ ઈરાદાઓની અપેક્ષા રાખ્યા વિના તેમની સેવા કરવા આગળ આવી શકે. **"તારું અન્ન પાણી પર નાખ, કેમ કે ઘણા દિવસો પછી તે તને પાછું મળશે."** સભાશિક્ષક ૧૧:૧. તેઓ કોઈના પણ દેવાદાર નથી.

હું અંગત રીતે શીખ્યો છું કે જો આપણને ઈશ્વરના રાજ્ય માટે કંઈક કરવાની ઈચ્છા હોય, તો આપણે પવનને જોયા વિના અને વાદળોને ધ્યાનમાં લીધા વિના તરત જ તે કરવું જોઈએ. **"જે માણસ પવન પર ધ્યાન રાખ્યા કરે છે તે વાવશે નહિ; અને જે માણસ વાદળ જોતો રહે છે તે કાપણી કરશે નહિ."** સભાશિક્ષક ૧૧:૪. દુનિયા અને દુનિયાના લોકો તમારી સાથે ઉભા રહેશે.

આજકાલ, આપણા લોકો ઈશ્વરના રાજ્યને આગળ વધારવામાં તેમના સ્વાસ્થ્ય, પૈસા અને પ્રતિભાનું રોકાણ કરવા માંગતા નથી; તેને બદલે તાત્કાલિક ઊંચાઈ અને તાબડતોબ બદલાઓની અપેક્ષા રાખે છે. વહાલા મિત્રો, ઈસુ ખ્રિસ્તની સુવાર્તાને કારણે હું ખરેખર આશીર્વાદિત થયો છું. તેઓ ખરેખર તમને આશીર્વાદિત કરી શકે છે. શું તમે હવે ઈસુ ખ્રિસ્ત માટે કંઈક કરવા આગળ આવી શકો છો? શું તમે તમારો વધસ્તંભ ઉપાડીને તેમને પાછળ ચાલી શકો છો? **ઈશ્વર ઈચ્છુક વ્યક્તિઓને શોધી રહ્યા છે કે જેઓ તેમની ભવ્ય સુવાર્તા આગળ મોકલવામાં ખરેખર રસ ધરાવતા હોય - કોઈપણ રીતે - દરેક રીતે - કોઈપણ કિંમતે.** (૧ કરિંથીઓને પત્ર ૯:૨૨).

**જ્યારે તમે આ શબ્દો વાંચો છો, ત્યારે તમારે જાણવું જોઈએ કે ઈશ્વર પાસે તમારા માટે વિશેષ યોજના છે! દુન્યવી સંપત્તિ, આરોગ્ય, સંબંધ અને કીર્તિ એક દિવસ તમને ધોકો આપશે, છેતરશે!! પણ ઈસુ ખ્રિસ્ત તમને અનાથ નહિ મૂકશે.!!!** યોહાન ૧૪:૧૮. **આજે જ નિર્ણય લો. એક મોટો બદલો તમારી રાહ જોઈ રહ્યો છે!**

************

(પાન ૬ પરથી આગળ...)

**અને ગીતશાસ્ત્ર ૭૮:૩-૪ જાહેર કરે છે:**

**"જે આપણે સાંભળી તથા જાણી છે, જે આપણા પૂર્વજોએ આપણને કહી છે. યહોવાના સ્તોત્ર, તેનું સામર્થ્ય તથા તેનાં કરેલાં આશ્ચર્યકારક કામો આવતી પેઢીને જાહેર કરીને તેઓના દીકરાઓથી આપણે તે સંતાડીશું નહિ."**

આ કલમો સ્પષ્ટ કરે છે: બાળકો તેમના પિતાઓ પાસેથી શીખે છે, અને દરેક પિતાની જવાબદારી છે કે આત્મિક જ્ઞાન તથા ધાર્મિક મૂલ્યોને આગામી પેઢી સુધી પહોંચાડે.

દુર્ભાગ્યવશ, આપણા બાળકોના જીવનોમાં ઘણા પાપો અગાઉની પેઢીઓ દ્વારા મૂળરૂપે રોપાયેલા હોય છે. પણ ઈશ્વરની ઈચ્છા આપણા માટે આશીર્વાદનો આત્મિક વારસો છોડવાનો છે, એક શાપનો નહિ.

બાઈબલ ઘણા ઉદાહરણો પૂરા પાડે છે, ખાસ કરીને ઈસ્રાએલના અને યહૂદિયાના રાજાઓમાં, જ્યાં દીકરાઓએ તેમના પિતાના અધર્મ માર્ગોનું પાલન કર્યું હતું અને અર્થહીન જીવનો જીવ્યા હતા. ૨ રાજાઓ ૨૧:૨૧માં, આપણે મનાશ્શાના દીકરા આમોન વિશે વાંચીએ છીએ:

**"જે માર્ગે તેનો બાપ ચાલ્યો હતો તે સર્વ માર્ગે તે ચાલ્યો, ને જે મૂર્તિઓની સેવા તેનો બાપ કરતો હતો તેઓની સેવા તેણે કરી, ને તેઓની ભક્તિ કરી."**

કેવી દુ:ખદ ઘટના!

મનાશ્શા પોતે મહાન રાજા હિઝિક્યાનો દીકરો હતો - એક એવો માણસ જે યહોવા પ્રભુને નિષ્ઠાપૂર્વક પ્રેમ કરતો હતો. તેમ છતાં, મનાશ્શાનું શું થયું હતું? શા માટે તેનો ઈશ્વરની પ્રત્યેની એવી જ નિષ્ઠા સાથે ઉછેર થયો ન હતો? આ દરેક પિતા માટે એક મહત્વપૂર્ણ પ્રશ્ન ઉભો કરે છે: તમે કયો વારસો પાછળ છોડી રહ્યા છો?

૧ રાજાઓ ૧૧:૪-૯ આપણે વાંચીએ છીએ, **"સુલેમાનની વૃદ્ધાવસ્થામાં એમ થયું કે તેની સ્ત્રીઓએ તેનું હૃદય અન્ય દેવો તરફ ફેરવી નાખ્યું. અને તેનું હૃદય તેના બાપ દાઉદના હૃદયની પેઠે તેના દેવ યહોવા પ્રત્યે સંપૂર્ણ ન હતું"** શાસ્ત્રોમાં, આપણે ઘણા પિતાઓ વિશે વાંચીએ છીએ જેઓ ધાર્મિક વારસો છોડવામાંની તેમની નિષ્ફળતાએ તેમના બાળકો પર અને ત્યારબાદની પેઢીઓ પર વિનાશ લાવ્યા હતા. આનાથી તદ્દન વિપરીત, આસા, યહોશાફાટ અને યોશિયા જેવા રાજાઓ ઈરાદાપૂર્વક તેમના પિતાના પગલાંઓમાં ચાલ્યા હતા, અને વિશ્વાસનો કાયમી વારસો સ્થાપિત કર્યો હતો. તેમની આજ્ઞાપાલને માત્ર તેમના પોતાના ઘરનાંઓને જ આશીર્વાદિત કર્યા નહોતા પણ પડોશી દેશોમાં પણ શાંતિ પણ લાવ્યા હતા. ૨ કાળવૃત્તાંત ૧૭:૧૦ જાહેર કરે છે, **"યહૂદિયાની આસપાસના દેશોનાં સર્વ રાજ્યોને યહોવાનો એટલો બધો ભય લાગ્યો કે તેઓએ યહોશાફાટની સાથે યુદ્ધ કરવાની હામ ભીડી નહિ."** આપણે આપણા બાળકો માટે અને આવનારી પેઢીઓને માટે કેવા પ્રકારનો વારસો છોડીશું? ઈશ્વરના સેવકો પણ આ જોખમથી પ્રતિરક્ષિત નથી. મૂસા, એલી, શમુએલ અને દાઉદ-દરેક જણ યહોવા પ્રભુના મહાન સેવકો હતા - તેઓને પણ તેમની પિતાઓ તરીકેની ભૂમિકામાં સંઘર્ષ કરવો પડ્યો હતો. આપણે કદાચ આત્મિક વારસો બાંધવા માટે ઉત્સાહી હોઈ શકીએ છીએ, જેમ મૂસા યહોશુઆ સાથે અથવા એલિયા એલિશા સાથે જોડાયેલા હતા, પણ શું આપણે યહોવા પ્રભુના ભયમાં તથા આજ્ઞાપાલનમાં આપણા પોતાના બાળકોનું પોષણ કરવા માટે એવા જ પ્રતિબદ્ધ છીએ?



*સુલેમાનની સ્ત્રીઓએ તેનું હૃદય અન્ય દેવો તરફ ફેરવી નાખ્યું*



*યહૂદિયાની આસપાસના દેશોનાં સર્વ રાજ્યોને યહોવા પ્રભુનો ભય લાગ્યો*

ઉડાઉ દીકરાની વાર્તા ધ્યાનમાં લો: તેની બંડખોરી અને વ્યર્થતા હોવા છતાં, પિતાનો ઝંખના સાથેનો પ્રેમ ક્યારેય ઓછો થયો નહોતો. સ્વર્ગીય પિતાનું આ વ્યક્તિચિત્ર આપણને યાદ અપાવે છે કે ઈશ્વર આપણને પ્રેમાળ, ધીરજ રાખનાર માતાપિતા તરીકે રહેવા કહે છે, વિશ્વાસથી ભરેલો વારસો પાછળ છોડવા માટે કહે છે જે સહનશીલતા દર્શાવે છે. આવો યહોવા પ્રભુ આપણને તેમની કૃપા અને સમર્પણનો નમૂનો બનવાનુ સામર્થ્ય આપો, જેથી આપણા બાળકો અને તેમના બાળકો પ્રભુના માર્ગોમાં ચાલે.

*****

**ખ્રિસ્તી કાર્યાલય માટે તાકીદની જરૂરિયાત**

**૧. કોમ્પ્યુટર ઓપરેટરો**

**૨. છાપખાનું ચલાવનાર ઓપરેટરો**

**Contact : (+91) 98412 71858, E.mail : sam@echoofhiscall.org**

**નોટિસ**

આપના મોબાઈલ ફોનમાં અમારા મોબાઈલ નંબર સેવ કરી રાખશો

(+91) 98410 71858,
(+91) 98412 71858
(main numbers) - સંપાદક

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીઝ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીઝ કોલ યુટ્યુબ** ચેનલ જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### 1. Bank : State Bank of India

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### 2. Bank : ICICI Bank

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### 3. Bank : State Bank of India

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-  આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીઝ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીઝ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

**અમારૂં સરનામું ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 16th JUNE 2025

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**